Research Review ISSN: 2321- 4708
The Refereed & Peer Review International Journal Dec 2019, Year - 6 (80)
www.researchreviewonline.com Paper ID : RRJ000083

# સુરેશ જોષી જીવન અને કવન

સંશોધક
**ડો.ક્રિષ્ના કે. સાંડપા**
મદદનિષ પ્રાધ્યાપક, ગુજરાતી વિભાગ
ડી. એન. પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા

---

"આધુનિક ગુજરાતી સાહિત્યના પ્રણેતા ડો.સુરેશ જોષી (૧૯૨૧ થી ૧૯૮૬) બહુશ્રુત વિદ્વાન, પ્રધ્યાપક, સર્જક અને વિવેચક હતા. સ્વતંત્ર ગુજરાત રાજયની સ્થાપના સાથે, આધુનિક ગુજરાતી સાહિત્યયુગના મંડાણ થયાં, તે ડો. સુરેશ જોષીને પ્રતાપે."[૧]

**જન્મ, ઉછેર અને ઘડતર :**

ગુજરાતી સાહિત્યમાં પૂર્ણતયા આધુનિકતાના હિમાયતી અને તે માટે સાહિત્યમાં પ્રચંડ આંદોલન ઊભું કરનાર સુરેશ હરિપ્રસાદ જોષીનો જન્મ સુરત જિલ્લાના વાલોડ ગામમાં એમના મોસાળમાં ૧૯૨૧માં થયો હતો. પ્રાથમિક શિક્ષણ સોનગઢ માં અને માધ્યમિક શિક્ષણ ગંગાધરાની શાળામાં લઈ નવસારીમાંથી તેમણે ૧૯૩૮માં મેટ્રિકની પરીક્ષા પાસ કરી. મુંબઈની અ લ્ફિસ્ટન કા લેજમાંથી ૧૯૪૩માં ગુજરાતી વિષયમાં પ્રથમ વર્ગમાં પ્રથમ આવી બી.એ. થયા અને ૧૯૪૫માં એમ.એ.ની પરીક્ષા બીજા નંબરે આપી ઉત્તીર્ણ કરી. શરૂઆતમાં કરાંચીની ડી.જે.સિંઘ કાલેજમાં, ૧૯૪૭થી વલ્લભવિદ્યાનગરમાં અને ૧૯૫૧થી મ.સ.યુનિવર્સિટીમાં તેમણે ગુજરાતીના અધ્યાપક તરીકે અધ્યાપનકાર્ય કર્યું ત્યાંથી જ ૧૯૮૧માં ગુજરાતીના પ્રોફેસર અને ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે નિવૃત્ત થયા.

સોનગઢ કિલ્લો, નદી અને ડુંગરા જંગલ અને કલ્પનાની પરીઓ અને રાક્ષસથી આ સર્જકનું બાળપણ ભર્યું ભર્યું હતું. આઠ વર્ષની ઉંમરે તેમની સર્જકતાએ તેમની પાસે કાવ્યરચના કરાવી તે તેમણે દાદાજીથી છાનામાના 'બાલજીવન'માં છપાવેલી. કા લેજકાળમાં વિશ્વસાહિત્યની ઉત્તમ કૃતિઓનો પરિચય પ્રત્યક્ષપણે કર્યો હતો. સંસ્કૃત ઉપરાંત બંગાળી અને પછી અંગ્રેજી મારફતે વિશ્વની અગત્યની ભાષાઓના સત્ત્વવંતા પ્રયોગશીલ સાહિત્યનું વાચન અને પરિશીલન પણ તેમણે કર્યું. આ પ્રવૃત્તિ જીવનપર્યંત ચાલતી રહી. રામપ્રસાદ બક્ષી, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ડોલરરાય માંકડ જેવા તેજસ્વી અધ્યાપકોની નજરમાં સુરેશભાઈની સર્જક તેમજ અધ્યાપક તરીકેની સજ્જતા વિશે ઊંચો અભિપ્રાય હતો.

સુરેશ જોષીએ કા લેજકાળમાં તેમણે 'ફાલ્ગુની' નામે એક સામયિકનું સંપાદન પણ કર્યું. આગળ જતાં અનેક સાહિત્ય–સામયિકો કાઢ્યાં અને તે દ્વારા પોતાની સાહિત્યપ્રવૃત્તિ વિસ્તારી. છેક પાંત્રીસની વયે ૧૯૫૬માં 'ઉપજાતિ' કવિતાસંગ્રહ લઈ તેમણે ગુજરાતી સાહિત્યમાં પ્રવેશ કર્યો. ૧૯૬૧માં 'પ્રત્યંચા' કાવ્યસંગ્રહ આપ્યો અને પુરોગામી ' ઉપજાતિ' કાવ્યસંગ્રહને રદ કરવાની ઘોષણા કરી. હવે પછી તેમણે કવિતા, વાર્તા, નવલકથા, નિબંધ, વિવેચન, સંશોધન, અનુવાદ વગેરે ક્ષેત્રોમાં પ્રયોગલક્ષી રહીને નવી જ કેડી પાડી અને અનેક ઉદીયમાન સર્જકોને એ દિશામાં પ્રેરણા પૂરી પાડી.

રણજિતરામ સુવર્ણચંદ્રક, નર્મદ સુવર્ણચંદ્રક તેમજ દિલ્હી સાહિત્ય અકાદમી તરફથી અપાતા એવા ર્ડ દ્વારા તેમની સાહિત્યિક પ્રતિભાને વખતોવખત પુરસ્કારવામાં આવી હતી. જો કે અકાદમીના એવા ર્ડની તેમણે સકારણ, સવિનય અસ્વીકાર પણ કર્યો હતો. તેમને મન, સર્જન મુખ્ય હતું. સાહિત્યનો મહિમા વિશેષ હતો. પૂર્વ અને પશ્ચિમના સાહિત્યના તેઓ ઊંડા અભ્યાસી હતા. તેજસ્વી અધ્યાપક, પ્રયોગશીલ સર્જક, વિદગ્ધ વિવેચક, પ્રતિભાશાળી ચિંતક, નીડર પત્રકાર અને સફળ અનુવાદક સુરેશ જોશી પ્રબળ રીતે ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાનું આંદોલન લઈને આવ્યા અને સ્થગિત થવા લાગતાં ગુજરાતી સર્જક–વિવેચનનાં જળને પુનઃ પ્રવાહિત કરવા જીવનસભર મથામણ કરી. અનેક સર્જકપ્રતિભાઓને તેમણે મૌલિક રીતે સર્જન કરતી અને વિચાર કરતી કરી. આવા પ્રતિભાશાળી સર્જક વિશે સુમન શાહ યોગ્ય જ કહે છે કે:

> ***"સુરેશ જોષી ગુજરાતી સાહિત્ય સંસારનું એક એવું નામ છે કે જેનો છેલ્લાં ચાળીસેક વર્ષથી હરદિન કશો ને કશો ઉલ્લેખ થયા જ કરે છે. એ વિવાદાસ્પદ નામ છે. એ ઉહાપોહનું નામ છે. કોઈ અભ્યાસીએ એમની કારકિર્દી દરમ્યાનના તમામ વિવાદોની યાદી રચવી જોઈએ અને તેનું પછી મૂલ્યાંકન કરવું જોઈએ."[૨]***



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-6-issue-80-december-2019/RRJ000083

આવા પ્રતિભાશાળી સર્જકનું ૧૯૮૬માં કિડનીની બીમારીના કારણે તેમનું અવસાન થયું.

**સાહિત્ય–સર્જન :**

❋ **કાવ્યસંગ્રહ :**

'ઉપજાતિ' (૧૯૫૬)
'પ્રત્યંચા' (૧૯૬૧)
'ઈત્તરા' (૧૯૭૩)
'તથાપિ' (૧૯૮૦)

❋ **નવલકથા :**

'છિન્નપત્ર' (૧૯૬૫)
'મરણોત્તર' (૧૯૭૩)

❋ **નિબંધ :**

'જનાન્તિકે' (૧૯૬૫)
'ઈદમ્ સર્વમ્' (૧૯૭૧)
'અહોબત કિમ્ આશ્ચર્યમ્' (૧૯૭૫)
'ઈતિ મે મતિ' (૧૯૮૭)

❋ **વિવેચન :**

'કિંચિત્' (૧૯૬૦)
'ગુજરાતી કવિતાનો આસ્વાદ' (૧૯૬૨)
'કાવ્યચર્ચા' (૧૯૭૧)
'કથોપકથન'
'શ્રુણ્વન્તુ' (૧૯૭૨)
'અરણ્યરુદન' (૧૯૭૬)
'ચિન્તયામિ મનસા' (૧૯૮૩)
'અષ્મોધ્યાય' (૧૯૮૪)

❋ **સંશોધન :**

'મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કાવ્યધારાની ભૂમિકા' (૧૯૭૮)

❋ **સંપાદન :**

'જાનન્તિ યે કિમપિ' (૧૯૮૪)
'નવોન્મેષ' (૧૯૭૧)
'નરહરિની જ્ઞાનગીતો' (૧૯૭૮)
'ગુજરાતી સર્જનાત્મક ગદ્ય : એક સંકલન' (૧૯૮૧)
'વસ્તાનાં પદો' (૧૯૮૩)

❋ **અનુવાદ :**

'અમેરિકાના સાહિત્યનો ઈતિહાસ (૧૯૬૫)
'અમેરિકી ટૂંકીવાર્તા' (૧૯૬૭)
'કવિતા–પરકીયા' (૧૯૭૫)
'નવલકથા– ધીરે વહે છે દોન ખંડ –૧' (૧૯૬૦)
'ભોંયતળિયાનો આદમી' (૧૯૬૭)
'ટૂંકીવાર્તા – નવી શૈલીની નવલિકાઓ' (૧૯૬૦)
'શિકારી બંદૂક' અને 'હજાર સારસો' (૧૯૭૫)

'પંચામૃત' (૧૯૪૯)
'સંચય' (૧૯૬૩)

✱ **સામાયિકોનું સંપાદન –પ્રકાશન :**

– ફાલ્ગુની
– વાણી
– મનીષા
– ક્ષિતિજ
– સંપુટ
–ઊહાપોહ
– એતદ્
– સાયુજ્ય
– સેતુ

આમ, ગુજરાતી સાહિત્યના વિવિધ ક્ષેત્રોમાં સુરેશ જોષીએ કલમ ચલાવી છે. ગુજરાતી સાહિત્ય–વિચારના ઘડતરમાં ડા . સુરેશ જોષીનું આગવું પ્રદાન રહ્યું છે. એમણે સમગ્ર ગુજરાતી સાહિત્યને ધરમૂળથી બદલીને એક નૂતન યુગનાં મંડાણ કર્યાં છે. સુરેશ જોષીએ વિશ્વસાહિત્યની ગતિવિધિઓ સાથે આપણી દષ્ટિ જોડી આપી છે. સર્જકે આધુનિક સંવેદનશીલતા પ્રગટાવનારા સાહિત્યને માટે ઉપકારક આબોહવા સર્જી છે.

**❖ પાદટીપ ❖**

૧. 'ગુજરાતનાં સાહિત્યકાર રત્નો', બહેચરભાઈ પટેલ, પૃ.૫૯
૨. 'સાહિત્યમાં આધુનિકતા', સુમન શાહ, પૃ.૩૨૨